કરાંચી શહેર,

તેનાં ભવિષ્યનું શું થાશે?

એચ. એન. ક્રાઉચ એસ્કવાયર બાર-એટ-લો.

જ્યુડીશીઅલ કમીશનરના વીચારો.

છપાવી પ્રસીદ્ધ કરનાર,

રૂશતમજી ખુરશેદજી રીંચા, કરાંચી.

કરાંચી.

કીંમત રૂ. ૦—૪—૦

"સ્વદેશી" પ્રેસ, બંદર રોડ, કરાંચી.

પી. અલાના એન્ડ બ્રધરસ.

ઘડીઆલો તથા તોકીગમશીન જથાબંધ તથા છુટક વેચનાર

સમરસેટ સ્ટ્રીટ કેમ્પ કરાંચી.



હમારી દુકાન ઉપર જુદી જુદી જાતતા નાના તથા મોટા ઘડીઆલો ઘરાકોને મનપસંદ મલી શકે છે એટલુંજ નહી પણ તેના ભાવ એટલા કીફાયત રાખવામાં આવયા છે કે બજાર કરતાં સસ્તી કીમતે વેચવામાં આવે છે. હમો સીધા વેલાત તથા અમેરીકાના કારખાનાથી સંબંધ ધરાવતા હોવાથી માલ ઘણો ઉમદા અને તારીફ લાયક આયાત કરીએ છીએ જે માટે એકથી ૧૦ વરસ સુધી એગ્રામેન્ટ આપયે છીએ

હમો ડીસક તોકીગ મશીન અને રેકોરડનો મોટો જથો સ્તોકમાં રાખયે છીએ એક વખત મુલાકાત લીધાથી ખાતરી થશે.

The Indian Motor Car Manufacturing Company.

ELPHINSTONE STREET, CAMP, KARACHI.

Dealers and repairers in Motor cars and Motor Cycles. We have in stock accessories of various description viz: Accumulators, Dry Cells, Volt Meters, Sparkling Plugs, Horns, Bulbs, Lamps, Spanners, Tools etc., etc.

We are agents for Dunlop Motor Tyres and can supply same in any quantity and size at moderates rates.

સાજો મસાલો! ઉમદા વખાણ!!

મારા ઘેરમાં મારી બઇરી સાથ હું રોજ મરાંઉ કે ધાન શાક એવું શું ફીકું કરેચ અને સ્વાદ વગરનું બનાવેચ તો બાઇ સાહેબનો તોરમાંજ જવાબ મલેકે હું શું કરૂં પચાસ વખત તમોને કયું કે દરેક જાતનો ઉંચો મસાલો પેલા પ્રખ્યાત કેખશરૂ રૂસતમ ઇરાનીને તાંથી લાવો પણ તમેતો નોકર પરજ સાહેબી કરો તે વળી સવાદદાર ધાન શાક તે કાંથી થાય. તમે માનશો મારી ધણીઆણીનાં પાંચ મીનીટના લેકચર પછી હું તરતજ કેખશરૂ રૂસતમ ઇરાનીની દુકાને મસાલો લેવા દોડી ગયો. મેં મસાલો લઇ આવતા રસ્તામાં વીચાર કીધો કે આજે બરાબર તપાસ કરવી કે બઇરીના રાંધવામાં ખામી છે કે મસાલામાં–જેથી મેં એવો મનસુબો કીધો કે બાઇરીને કહું કે આય મસાલો બીજાને તાંથી લઇ આયોચ જે ઘણોજ ઉમદા છે વાસ્તે જોઇએ હવે તું ધાન શાક કેવું બનાવેચ. મેં તે મુજબ રોપમાંજ મસાલો આપતાં બઇરીને કયું જો સંભાળ રાખજે વધારે બગાર ના કરતી. આય મસાલો બીજાને તાંનો છે જે કેખશરૂને તાના મસાલા કરતાં ઘણો ઉમદા અને મોંઘો છે. વાસ્તે જોઇએ ધાન શાક હવે કેવું સવાદદાર થાયચ. પણ હજી તો મારો ભાષાંતર પાઠમાળાનો પાઠ હું પુરો કરૂ નહી કરૂ તેટલા તો મારી ચાલાક બઇરીએ મને તમાચો ખેંચી કારતા પોતાની પેટંટ કહેવત જોરી કાઢતાં હસીને કયું તમે કોણને બનાવવા આયાચ. સાચી પારખ તે શુ બનાવટથી છુપી રહેવાની છે! એતો મેં નાક આગળ ધરતાંજ તેની ખુબીનો અરક જાણી લીધો કે આય મસાલો તો કેખશરૂ રૂસતમ ઇરાનીને તાનોજ છે. હું બેશક મારી બઇરીની તારીફદારી ઉપર મુસતાક રયો અને તે દાહડાથી મેં મારા નોકરને સખત હોકમ કીધો કે હમેસા કેખશરૂ રૂસતમ ઇરાનીની દુકાનથીજ દરેક જાતનો મસાલો લાવવો. વાસ્તે બાઇઓ જો તમારે તમારૂં ખાંણું સવાદદાર બનાવવું હોય તો મારી ભલામણ, છે કે તમારે નીચલી દુકાનેથીજ મસાલો ખરીદવો.

કેખશરૂ રૂશતમ ઇરાની

સદરની અગીઆરીની સામે કાંપ–કરાંચી

હમારો દરેક જાતનો દરેલો તેમજ આખો મસાલો હમારા ઘરાકમાં કેટલો મનપસંદ અને લોક પ્રીય થઇ પડયો છે તેની તારીફ હમો મોઢેથી ન ગાતા હમારા માનવંત ગ્રાહકો શું કહેછે તે ઉપરજ અનુમાન કરવાને વિનંતી કરયે છીએ. હમો હમારી જાતી દેખરેખ હેઠલ મસાલો દલાવ્યે છીએ કે જેથી બજારમાં વેચાતા બીજા મસાલા માફક તેમાં ભેલ સેલ મુદલ થઇ શકતી નથી. મલબારી, સુખડ, લોબાન તથા અગરબતી પણ હમે હમેશાં હાજર રાખ્યે છીએ માટે એક વખત મુલાકાતની હમો નમ્ર આગ્રહ કરયે છીએ.

સંજીવની ગોળીઓ.

અશકત પુરૂષો માટે **કીમત રૂ૦. ૧.**

વિરય સ્રાવ એ નબળાઇનુ મુખ્ય કારણુ છે કોઇ પણ કારણને લીધે વિર્યનો બહુ પાત થાય છે તેને વિરય સ્રાવ કહેછે કેટલાક મનુષ્યોને એકાંતરા હંમેશ કે દીવસમાં બે ચાર વખત વિરય જાયછે. કેટલાકોને વિરય સ્પના વસ્થામાં અગર હસ્તક્રિયામાં પડે છે અને તેથી શરીર ક્ષણ થાય છે કમર દુખે છે પગમાં કલતર થાય છે કામકાજ કરવા ઉત્સાહ રહેતો નથી ચહેરો ફીકો અને ની સ્તેજ જણાય છે, માથું ચડીઆવે છે આંખે ઉંડી ઉતરી જાય છે, પેડુમાં દુખા વો થાય છે અને મન ચીંતાતુર રહે છે. આવા રીતનો વીર્યસ્રાવ જુવાનીઅઓને ધાસ્તીનું કારણ થઇ પડે છે. અને તેને માટે ચોકસ ઉપાય કરવાની જરૂર છે તેવા ક્ષીણ વિરય પુરૂષોએ **સજીવનની** ગોલીઓ સેવન કરવી જોઇએ

સજીવનની ગોલીઓ વિરય સ્રાવને બંધ કરે છે કમરનો દુખાવો પગમાંકલ્ટ અને દરદીનું શરીર શોષણુ થતું જાય છે. વગેરે દરદોને આ સજીવનની ગોલીઓ અટકાવવા સમરથ છે,

સજીવનની ગોલીઓથી મંદ પડી ગએલુ પુરૂષત્વ પાછું સતેજ થાય છે જેમ વૃધ પુરૂષોને લાકડીના ટેકાની અવશ્ય જરૂર છે તેમ કમ કોવત થઈ ગયેલા યુવાનોને આ **સંજીવનની** ગોલીઓ જરૂરની છે. આ ગોલીઓ વિરય સ્થંભક છે તેથી પુરૂશ જલદી સ્ખલિત થતો અટકે છે અને તેની સુરત શક્તી વધે છે.

પીતનો જમાવ કમતી થાય છે આંખનું તેજ વધારે છે અને જ્યારે ગરમીથી અગર તડકામાં ફરવાથી આંખે ઝાંખ આવતી હોય ત્યારે આ ગોળીઓ ખાવાથી ઝાંખ કમતી થાય છે મગજ પર ચડેલી ગરમી ઉતરે છે અને ચકરી તમર વીગેરે બંધ થાય છે.

જયારે જુદી જુદી જાતના ત્વકદોષની અંદર લોહી બગડી ગયેલું હોય છે ત્યારે લોહી સુધારવાને માટે સજીવનની ગોલીના ઉપયોગ વગર બીજો એકે સારો ઉપાય નથી.

સંજીવની ગોલીઓ રકત વીકારને સુધારનાર છે આ ગોલીઓનો નમુનો મફ્ત મંગાવી અજમાયશ લેવા ખાસ ભલામણુ કરીએ છીએ.

દરાજ તથા દાદરનો મલમ ૦—૪—૦ ડબીના

બાલ કાઢવાની ચમતકારીક ભુકી ૦—૪—૦ બાટલીના

સપટ કંપની. કાલબાદેવી રોડ મુંબઇ.

એજન્ટ કેખશરૂ રૂસ્તમ ઇરાની મસાલા વાલા સદર બજાર કરાંચી.

સહજ.

વાહલાં વાંચનાર સાહેબો! આ પુષતક મારા પ્રેક્ષકો સમક્ષ રજુ કરતાં મને જણાવવાની ફરજ પડેછે કે મજકુર ચોપડીની તપસીલવાર હકીકત અંગ્રેજી ભાષામાં અતરેના જુડીશીઅલ કમીશનર એચ. એન. ક્રાઉચે સીંધના સુબા મી. યંગ હસબંડના પ્રમુખ પણા હેઠળ ખાલીકદીના હોલમાં ભાષણ રૂપે જણાવી હતી. આ અસરકારક ભાષણ કરાંચીના ફાયદા માટે એટલું તો ઉપયોગી થઇ પડયું હતું કે તેને જુદી જુદી ભાષામાં તરજુમો કરી પ્રજામાં જાહેર કરવાને વીશેષ માગણી થઇ હતી જે માગણી મેં દેશના હીત માટે સ્વીકારતાં મી. ક્રાઉચ જુડીસીઅલ કમીશનરની પરવાનગી માગી હતી જે તેમણે વગર અડચણે અરપણ કરી પોતાની અંગત ખુશી જાહેર કીધી હતી. આ માટે હું મારી તરફથી તેમજ મારા મીત્રો તરફથી તેમનો અતિઅંત આભાર માનું છું.

આ ચોપડીમાં જણાવેલી લગભગ સરવે સુચનાઓ મોડે વહેલે તેના રૂપમાં વળણ લેવાનીજ છતાં વીલંભ અટકાવવોને આપણ સરવે દેશના અને રહીશોના ફાયદા માટે મી. ક્રાઉચના જણાવ્યા મુજબ એકયતાથી અને ખરા અંતકરણથી કામ કરશું તો તે સુચનાઓ જલદીથી પરીપુરણ થાશે.

આપણ ઇચ્છીશું કે કરાંચી વધુ તંગ હાલતમાં આવી પડે તેની પહેલાં આપણે આપણી નેમમાં જીત મેલવશું. તથાસ્તુ.

લાં૦ સેવક,

કર્તા

કરાંચી શહેર,
તેનું ભવિષ્યનું શું થાશે?

કરાંચીની જુની તવારીખનો એ. એફ. બેલાસીસ સી. એસ. એ રચેલો "કરાંચી મ્યુનીસીપાલીટીનો શરૂઆતથી તે ૧લી જાનેવારી ૧૮૬૦ સુધીનો" હેવાલ રજુ કરવા માટે હું તેમનો તથા ઓલ્ડ સીંધ ગેજેતીઅરનો આભારી છું એવું જણાય છે કે ઇ. સ. ૧૭૨૫ની પહેલાં હાલનુ શહેર હસ્તી ધરાવતું નહોતું, પણ હબ નદીની બીજી બાજુએ ખારક નામનું ગામ હતું કે જ્યાં પુષ્કળ વેપાર ચાલતો હતો, તે મથકથી શાહબંદર, મસકત, સુરત, પોરબંદર અને મલબાર સાથે વેપાર ચાલતો હતો. પણ થોડા વખતમાં ખારકના બંદરનો રસ્તો રેતીથી ઢંકાઈ જવાથી વાહણ તથા આગબોટો દાખલ થઈ શકતાં નહોતાં જેથી કોમના મુખ્ય વેપારીઓએ (જેમાં શેઠ નાઉમલ સી. એસ. આઇના વડવાના એક ભોજુ મલ હતા) વેપારને વધુ સગવડ થઇ પડે તેવી જગયાએ જવાની જરૂરીઆત જોઇ. છેવટ હાલના કરાંચીના બંદરને મથાલે અસલ ડરબો નામની જે જગ્યા જણા તી હતી અને જેની પાસે "કલાંચી-કન" નામની ખાડી હતી તે જગયા પસંદ કરવામાં આવી કે જ્યાં ઈ. સ. ૧૭૨૯માં ઘણાક રહેવાશીઓએ ખારક બંદરથી આવી વાસો કીધો, આ જગ્યા તયાર પછી "કલાચી જો ગોટ" નામથી ઓળખાતી હતી અને એવું કહેવાય છે કે તે ઉપરથી કરાંચી શબ્દ ધારણ કરવામાં આવયો છે, હાલ નું બારૂ તે વખત હસ્તી ધરાવતું નહોતુ કારણ કે કાલુના ખડકની કટારથી મનોરા નું બારૂ ધંકાઇ ગયું હતું, પણ મનોરાની પશ્ચીમે પાંચથી છ માઇલ ઉપર અને નીમ કના કયારાથી થોડે છેટે નવા નાર વેપારના બંદર તરીકે ગણાતુ હતુ થોડા વખતમાં નવી ગોઠવણ ફતેહમંદીથી આગલ વધવા માંડી અને જામ દરયા ખાન જોકયોના આશરા હેઠલ પુષ્કળ વેપાર ચાલવા લાગયો. આ જગયાને કોટબંધી કરવામાં આ વી હતી અને મસકતથી તોપ આયાત કરી કીલ્લાની ભીત ઉપર મેલવામાં આવી હતી. બંદરને બે મુખ્ય રસ્તા હતા, એક "ખારા દરવાજા" યાને પશ્ચીમે દરયા તરફ દેખાતો દરવાજો અને બીજો "મીઠા દરવાજા" યાને મીઠા પાણી તરફ દેખાતો દરવાજાના નામથી ઓળખાતા હતા. હાલનો રામપારતરો જુની શહેરની

દેવાલની નીશાની દેખાડે છે, જ્યારે શાહ બંદરનું (રાજાનું બંદર) બારૂં તદન ઢંકાઇ ગયું તયારે ઘણાંક રહેવાશીઓએ કરાચી તરફ આવવા માંડ્યું કે જે પરીણામમાં ત્યાર પછી કાંઇક નોંધવા લાયક જગ્યા ગણાવા લાગી. કાલ હોરના કુંવરોના રાજમાં તેઓએ શેહર ખેલાતના ખાનને સ્વાધીન કીધુ હતું કે જે દેશ માંથી માણસોએ બચાવ અર્થે ઘેરો ઘાલયો હતો; પણ ૧૭૯૫માં એક બલુચ લશકર દાખલ થયું, અને લશકર ઘણું નબળું હોવાથી અને ખેલાતનો ખાન પોતાના બચાવ અર્થે લશકર મોકલવાને બિન શકિતવાન હોવાથી કરાંચી મીર કરમઅલી તાલપુરે તાબે કીધુ હતું. ૧૭૯૭માં મનોરા ઉપર કિલ્લો બાધવામાં આવયો હતો. તાલપુરની વંશાવળીમાં કરાંચી શહેર થોડીક ઉંચી જગ્યા ઉપર વસાયવામાં આવ્યું કે જેને હાલ ઓલ્ડ ટાઉન કહે છે જેને માટીની દેવાલથી દરેક ખુણે અને બાજુએ ગોળ મીનારા સહીત બચાવ માટે ચણી લેવામાં આવ્યું હતું, અને જુદા જુદા બુરજ ઉપર નાની નાની બંદુકો ગોઠવવામાં આવી હતી. ૧૮૩૮માં શહેર અને પરાંની વસ્તી ૧૪૦૦૦ માણસની હતી જેમાં અરધા હીંદુ અને બાકીના બલુચ, મુસલમાન, જોખીઆ, મોહાના અને જત લોકો હતા, છેલ્લી બે જાત માછી માર અને કારીગરનું કામ કરતી હતી. પણ બલુચીઓ શેહરના જુદા જુદા સરદારો હેઠલ લશકરી નોકરીમાં જોડાયા હતા. શેહરના ઘરો કે જે બેઠા છાપડા અને માટીનાં બાંધેલા હતાં તે લગભગ એકજ માળના હતા.

૧૮૪૨ માં કરાંચી અંગ્રેજને સ્વાધીન કરવામાં આવયું હતું અને સર ચાર્લસ નેપીયર સીંધના પહેલા ગવરનર તરીકે નેમાયા હતા. હાલની ડેપો લાઈનની જગ્યાએ અંગ્રેજી લશકર ઉપર તરફ જતું હોય અથવા કરાંચીથી ઉપડી જવા દેશાવરથી આવ્યું હોય તેની સગવડ માટે એક ડેપો સ્થાપવામાં આવી હતી. ૧૮૭૧ સુધી આ ડેપોનો નાશ કરવામાં આવ્યો નહોતો. ૧૮૪૨માં કરાંચીના કલેકટર માટે ઓફીસ અને કચેરી બાંધવામાં આવી, અને ગવરમેંટ હાઉસ (સરકારી મેહલ) ૧૮૪૭ની પુર્વે સર ચાર્લસ નેપીયર તરફથી બાધવામાં આવ્યુ હતું અને તે સાલમાં સરકારે કમીશનરના રહેઠાણ માટે ખરીદ કીધું હતું. જેલ ૧૮૪૭ માં શરૂ થઈ હતી, શુમારે ૧૮૫૦ મીલતરી કમીશનરોને રદ કરી, દીવાની અને ફોજદારી અદાલતો સ્થાપવામાં આવી હતી.

૧૮૪૬માં શેહરમાં કોલેરા ઘણીજ સખત સ્થિતીએ દાખલ થયો હતો જેણે સંખ્યાબંધ રહેવાશીઓનો ઘાણ કાઢી નાખયો હતો. કેમ્પમાં ખાસ કરીને લશકરોમાં આ રોગ વિષેષ અને જીવલેણ થઇ પડયો હતો. આથી સર ચાર્લસ

નેપીયરને બોરડ ઓફ કનઝરવનસી શહેરના મુખ્ય સીવીલ અને મીલીટરી અમલ દારો હેઠલ સ્થાપવાની ફરજ પડી. આ બોરડ આરોગ્યતા અને બીજા સુધારા માટે ઇલાકાના ગવરનર અને કરાચીના મેજીસ્ત્રેટોને ભલામણો કરવાને ખાસ ઉપયોગી થઇ પડી હતી, પણ નાણાની તંગ હાલતને લીધે ૧૮૫૧ માં તે મુઇ ગઇ હતી કે જયાર પછી સીંધના કમીશનર મી. ફ્રીઅરે તેને પાછી સજીવન કીધી હતી.

૧૮૫૨માં બોરડ ઓફ કનઝરવનસી કરાંચી મ્યુનીશીપાલ કમીશન સાથે મલી ગઇ હતી કે જે ૮ મી સપતેમ્બર ૧૮૫૨માં સરકારના હુકમ હેઠળ સ્થાપવામાં આવી હતી.

પહેલ્લા કમીશનરોના નામ નીચે મુજબ છેઃ—

સીંધના કમીશનર એચ. બી. ઇ. ફ્રીઅર એકસ્વાયર—પ્રમુખ

ડી. મેકઇવર એસકવાયર	સભાસદો.
શેઠ ગુલામહુસેન, નેટીવ એજીટંન્ટ	
કાઝી નુરમહામદ	
શેઠ નાઉંમલ	
સાંઇ બેના મહેમન	
શેઠ ખેમચંદ	
મગન મુખી	

કેપતન ઇ. સી માસ્સતન પોલીસના કેપટન, અધિકારી કમીશનર હતા, તેમજ પોલીસના લેફતનંન્ટ અને કરાંચીના મેજીસ્ત્રેટ પણ હતાં. સેકરેટરીનો પગાર મહીને રૂ. ૫૦ હતો, વારષિક આવક ફકત રૂ. ૧૪,૦૦૦ ની હતી. ૧૮૫૫માં રૂા. ૧૦૦,નો પગાર થયો હતો, બોરડની પેદાશ તે વખતે વધીને રૂ. ૨૨,૨૯૬ ની થઇ હતી. ૧૮૫૯માં, ૧૮૫૦ ના ૨૬માં કાયદાની રૂએ પ્રાંતમાં મ્યુનીસીપાલ વહીવટ ચલાવવાને સરકાર તરફથી કમીશનર ઉપર લેફટન્ટ ગવરનરનો અધીકાર મેળવવાને વાતચીત થઇ હતી, અને તે મુજબ તેણે કલેકતરની તરફણમાં પ્રમુખનાં

ઓધાનું રાજીનામું આપ્યું હતું. ૧૮૫૧માં શેહરમાં કર નાખવામાં આવયો હતો જે "ચુંગી" યાને વજનની મહેસુલ કે જે મીરના વખતમાં જુનો કર લેવામાં આવતો હતો, તેના નામથી ઓળખાતો હતો. વ્હીલ તેકસ ૧૮૫૩-૫૪માં ફકત રૂ. ૧૮૭-૪-૦ થયું હતું કે જે રકમનો હીસ્સો કેટલાક લશકરી અમલદારોથી ભરવામાં આવતો હતો. કે જેઓ કેનટોનમેન્ટમાં રહેતા હોવાથી કરને લાયક નહોતા; છતા વેપરાસની નેમ ઓળખતાં પોતાની ખુશીથી તેમની ગાડીઓનું કર મોકલાવી આપતા હતા. મ્યુનીસીપાલીટીએ ૧૮૫૩-૫૪માં પોતાના વારષિક રીપોરટમાં ખાતાનો ઘટાડો કરવાની જરૂરયાત જોઇ, તે વખતે રૂા. ૪૦)નો એક કારકુન, રૂા. ૧૨નો એક મુનશી. અને રૂા. ૧૦)નો એક શરાફ હતો પણ એમ માલુમ પડયું કે થોડા માણુસથી કામ સંપાદન થઇ શકશે નહી તેથી તે કાયમ રયું, ઘર જગાત હસ્તી ધરાવતોજ નહોતો, કારણુ મીરના વખતમાં હિંદુઓ આ કરની માફીમાં મોજ કરતા હતા તેમ હજી પણુ આ આગલી માફીની વિચીત્ર મગરૂરી અને સંતોષ રાખીને તેઓ સુખ ભોગવતા હતા.

૧૮૬૦ માં કેમારી ગ્રોયન શરૂ કરવામાં આવ્યું હતું, બારૂં બનાવવાને આ પહેલ વહેલું પગલું ભરવામાં આવ્યું હતું અને ચેમબર ઓફ કોમરસ સ્થાપવામાં આવી હતી. મે ૧૮૬૧માં કરાંચીથી કોટરી રેલવે ઉઘાડવામાં આવી હતી.

કરાંચીની તવારીખમાં ૧૮૬૩નું સાલ અગત્યની નીશાની ધરાવે છે. શહેરના વસેલા ભાગો કે જે હાલ પ્રસીદ્ધ છે તે ડોલ વગરના ત્રીકોણુ આકારમા આવેલા છે જેણી ટોંક કસ્ટમ હાઉસથી દેખાયછે અને તેનો પાયો નેપીયર બરાખ અને નેતોવ ઇનફનત્રી લાઇન મારફતે કેનટોનમેન્ટ સ્ટેશનથી લ્યારી નદી સુધી દોરાયલો છે. પાયો સવચ્છ જમીન ઉપર દરીઆની સપાટીથી ૩૫ ફીટ ઊંચાણુમાં છે. પાયાથી જમીન આરતે આસ્તે નીચે ઊતરે છે. મચ્છી મોયાંની વીભાગ રેકલેમેશન તરીકે ઓળખાય છે. નેશનલ બેંક, સીંધ મદ્રેસા અને જાફર ફદુ દીસપેનસરીનો ફરતો વીભાગ દરયાની સપાટીથી ૫થી ૬ ફીટ ને માથે નથી. જનરલ પોસ્ટ ઓફીસ ૭ ફીટથી થોડી વધારે છે. બર્નસ ગારડન ૯થી ૧૦, લેમબરટ મારકીટ ૧૦ ફીટથી થોડ ઉપર છે. કચેરી ૧૫ ફીટથી સહેજ ઉપર છે અને વધારે ઉંચો ભાગ સરકારી મહેલનુ કંપાઉન્ડ કે જે ૧૭-૭૭ ફીટ છે. સીંધ કલબની જગ્યા ૨૨-૨૯ છે અને ત્રીનીટી

દેવલનું કંપાઉન્ડ સુમારે ૨૭ ફીટ છે, નેપોઅર બશાક દરીયાની સપાટીથી ૩૫.૫૪ ફીટ માઠે છે, નેટીવ ઇનફનત્રી લાઇન ૩૫.૮૩ ફીટ અને બ્રીટીશ સીમેટરી તેથી પણ ૧૦ ફીટ ઉચે છે. કમીસરીઅત ખાતું, સોલજર બજાર, ભીસ્તીવારા અને ધોબી ઘાટની ઉપર લ્યારીની આસપાસની સઘળી જગયા ૩૦ ફીટની ઉપર છે. હવે જયારે મીલીટરીએ કરાંચી તાબે કીધું ત્યારે તેઓએ કેનટોનમેન્ટ તરીકે ઘર બાંધવા લાયકની લગભગ દરેક ચોરસ ફુટની જગ્યા પોતાને કબજે કીધી હતી. હાલ જે કેનતોનમેન્ટ છે એટલુંજ સમાયલું નહોતું પણ આખું સદર બજાર, સીંધ કલબ અને ત્રીનીટી ચરચની આસપાસની સઘળી જગ્યા, ફ્રીઅર હોલ કંપાઉન્ડ અને વીકટોરીઆ રોડની ચોમેર ફરતી જમીન, સોલજર બજાર, ગવરમેન્ટ ગારડન્સ, ભીસ્તીવારા, બેગારીખાતા, ગારીખોતા, રણછોડ લાઇન, ત્રેવલરસ બંગલો અને સ્મોલ કોઝ કોરટની પાસેની ફરતી જમીન, અને રેલવે અને કલીફટન અને ગીજરીની વચ્ચેનું અસંખયાબંધ ક્ષેત્રફળ હતું. સીવીલ લાઇનની પુરવેની સીમા કલીફટન રોડથી દેવળના વાવ્ય દીશાના ખુણા સુધી ૧૫૦૦ વાળ લાંબી હોવાયલી હતી. ૭૦૦ વાળ જગ્યા ૧૮૫૦ ની પુરવે ગવરમેન્ટ હાઉસ અને કચેરીએ ખરીદ કીધી હતી. દક્ષીણ અને પશ્ચીમની સીમાં અને રેલવેની સડક કે જે બાદટાપુ સુધી લંબાએલીછે. ત્યાં દરીયો હતો. સીવીલ લાઇનમાં શુમારે ૨૩ ઘરોની જગ્યા હતી. સીવીલીઅનો પોતાની દીવસની મહેનત પછી ગપ સપ અને વિશ્રામાં માટે તેઓના નાના રાજયની નૈરૂત્ય કોણે ભેગા મલતા હતાં. કે જે જગ્યાને હાલ સ્કેનડલ પોઇન્ટ કહેવામાં આવે છે. અને તેને લગતો રસ્તો સ્કેન્ડલ પોઇન્ટ રોડ નામથી જણાય છે. શહેરને, જેલ અને રામબાગ વિભાગ અને તેની નૈરૂત્ય દીશાની જમીન, અને વલી લોરેનસ રોડ અને લયારી વચ્ચેની જગ્યામાં વહેચી નાખવામાં આવ્યું હતું, પણ મીલીતરીખાતું રહેવાની જગ્યા ચોકકસ સરતો અને મુદતો માટે આપતી હોવાથી વેપારી અને દુકાનદારો આવી અચોકકસ સનદોને લીધે ઘરો, દુકાનો અને વખારો બાંધવા પાછળ મોટી રકમ ખરચી શકતા નહોતા. મ્યુનીસીપાલીટી કે જેનો અધીકાર ફકત નેટીવટાઉનમાંજ આવેલો હોવાથી, કારણ કે સીવીલ લાઇનમાં એકાદ બે ઘરથી વધારે તેમની હદમાં નહોવાથી, કાંઇ પણ સુધારો કરવાને તદન કંગાળ હાલતમાં હતી. કરાંચીનું ભવિષ્ય ખીલવવા માટે સદર બજાર અને સીવીલીઅનોથી વસાયેલા કેટલાક કવોરટરો મ્યુનીસીપાલીટીની, સતાધારી હેઠલ મુકવાને ઘણીજ જરૂરીયાત જણાઇ અને તે મુજબ સરકારે ૧૮૬૩ માં કેટલીક ચોરસ માઇલ જમીન સીવીલને સપુરદ કીધી અને કેનતોનમેન્ટને તેની હાલની હદ સુધી ઓછું કરવામાં આવ્યું. જેવો આ ફેરફાર થયો કે જગ્યાના સઘળા દલીસોએ

મેહસુલ ખાતાં તરફથી ઘણી સહેલી કબુલાત ઉપર પકકા લીસો મેળવ્યા કે જેનું તરતજ પરીણામ એ આવ્યું કે કેટલીક ચોરસ માઇલ જમીન જે તેવખતે મીલીટરી ખાતાની હેઠળ વેચાણ યા ખરીદીવીના તદન નકામી હતી તેની એકાએક વાજબી કીમત ઉપજવા લાગી. ભાડુતોએ કે જેઓ હવે જાહુકને હક ધરાવતા હોવાથી ખુશીથી હાઉસ તેકસ આપવા માંડયું અને કરાંચી ખરાં ચીન્હ સાથે વેપારી શહેર તરીકે આગળ વધવા માંડયું. આ ફેરફાર ન થયો હોત તો આજનુ કરાંચી કદી પણ હાલની સ્થીતીમાં નહોત, કારણ કે મલીરના પાણીની યોજના માટે પાઇસા વધારવા તદન મુશકેલ થઇ પડત. આ ફેરફારની જરૂરીયાત સમજીને અનુમાન કરવું જોઇએ કે મીલતરી ખાતાને કેનતોનમેન્ટ હદ તરીકે ચોકકસ જગ્યા આપવામાં આવી છે કે જે તેઓ તતકાળ વેચી શકતા નથી અથવા તો મહેસુલી ખાતાં માફક કોઇ પણ જાતની બંધી વગરના લીસ આપવ ને તેઓને અખ તયારી નહોતી. આવી રીતે મીલાતરી કબજાનો છુટકારો થવાથી શહેરનાં ભવિષ્યમાં એકાએક અને વિષેષ વધારો થવા માંડયો. દ્રવ્ય સંભવી હસ્તી કરતાં, તે વખતે મુદલ વધું નહોતું.

પણ મીલીતરી સેનાધીકારોએ આખું કેનકોનમેનટ કબજે કીધું. શહેરની વચ્ચો વચ્ચ આવેલી સુમારે ૨૦૦ એકર જમીન આરતીલરી પરેડ જમીન માટે રાખ્યા ઉપરાંત તેઓએ બરાક અને પરેડ જમીન માટે ૨$\frac{1}{4}$ માઇલ લાંબી અને ૧$\frac{1}{2}$ માઇલ પહોળાઇ જેટલી જગ્યા રાખી હતી, કે જે જગ્યા કરાંચીની સઉથી ઉતમમાં ઉતમ બાંધણીની જમીન તરીકે રોકવામાં આવી હતી એટલુંજ નહી પણ પુરવે ઉંચાણમાં આવેલી સુકી જમીનની હદની આસપાસ કુદરતી રીતે આગળ વધતાં શહેરને એક મજબુત નડતર તરીકે થઇ પડી હતી. કારણ કે આ વિષાળ ખુલ્લી જગ્યા બ્રીટીશ અને નેતીવ ઇનફનત્રીની પરેડ ગ્રાંઉનડ તરીકે મુકરર થયલી છે. અને તે હાલની સરતોમુજબ સીવીલીયનોની વસ્તી માટે તદન બંધ છે.

કરાંચીની સ્પષ્ટતાનો કેવી રીતે અટકાવ થયેલો છે તેનો આપણે તપસીલવાર વીચાર કરીયે. ઓલ્ડતાઉન સુમારે ૩૨ એકરમાં સમાયલું છે. અને ત્યાં ૮૦૦૦ ઉપરાંત વસ્તી છે. જે હીસાબે દરેક માણસ દીઠ રસ્તા સીખ ૨૦ ચોરસ વાળ થાય છે. શહેરના બીજા ભાગો પણ એવીજ રીતે લગભગ ખીચો ખીચ સંકડાઇ ગયલા છે. ૧૬૦ એકર વીસ્તાર તેમાં સઘળી સડક અને ખુલ્લી જગયા મળીને સુમારે ૩૦૦૦૦ માણસો વસેછે. ઉતર દીશા લયારીથી આગળ વધતાં ઢંકાઇ જાય છે. પશ્ચીમે દરયાથી, દક્ષિણે વેપારી વરગોથી અને પુરવે જેલ સીવીલ હોસ

પીટલ, ડફરીન હોસપીટલ, મીશીન સ્કુલ અને લાંબી. દફનગાહુથી ઢંકાઇ ગયેલ છે, ગરીબો ત્રાન્સલયારી વીભાગમાં ઉભાઇ ગયાં છે. કે જે જગ્યા અગમ્ય અને જમીનનાં નીચાનના સબબથી માનવીનાં રહેઠાણ માટે તદન નાલાયક છે એમ સારી પેઠે માનવામાં આવે છે. તવંગરો વસ્તીના વધવાથી વધુ સગવડ વાલા જગયા મેળવવાને પોતાના અસલી ઘરોને લગતી જમીન કે જે કોઇ વખત રૂ. ૧૦૦ થી રૂ ૧૫૦ ચોરસ વાલે જેટલી મોંઘી કીમતે ખરીદી રહેલા છે. નેતીવ તાઉનની એક માઇલ અંદર આરતીલેરી પરેડ ગ્રાંઉન્ડ આવી છે કે જે આખા નેટીવ ડાઉન કરતાં વધુ વીસ્તાર રોકે છે. જો આ પરેડ ગ્રાંઉન્ડ ૩૦ વરસ ઉપર શહેરના વપરાશ હેઠળ મેલાયું હોતતો દેખઇતું છે કે હાલ નેટીવ ટાઉનમાં જે દબાણ છે તેમ કદી પણ થાત નહીં. ભાડાં કમતી હોત, અને તે મુજબ રહેવાની કીમત પણ ઓછી હોત. મ્યુનીસીપાલીટીએ વાજબી ભાવે સડકો પહોલી કરી અને ખુલ્લી જગયા કરી સુધારા કીધા હોત, અને દેશી વસ્તીનો સઘળો ભાગ વધારે આરોગ્યતામાં રહયો હોત.

મારા મત પ્રમાણે પરીણામે નેટીવટાઉનમાં વસ્તી વધવાનો બીજો રસતો ન હોવાથી કુદરતી રીતે આગળ વધતાં અટકાવ થયો છે. ઘણાક વરષો થયાં કરાંચીનો વેપાર અને ધંધો કરનારા લોકો કે જેઓનું વતન, હૈદરાબાદ, શીકારપુર, મારવાર કચ્છ અને પંજાબ છે તેઓથી થાય છે. આ લોકોને પોતાનાં કુટુંબો સહીત અતરે વસવાની કુદરતી વલણ એહુતી કે પહેલાં ઉનાળાની મોસમમાં થોડો વખત રહી ત્યાર પછી વધુ લાંબી મુદત, અને છેવટે જાદુકના રહેઠાણ તરીકે હતી. પણ તેમ કરવાને કાંઈપણ બાબત આગળ વધી નથી. કારણકે જો તેઓ આવે તો તેઓ કયા રહી શકે? આપણે કરાંચીમાં કોઇનુ પણ આકુરાણ ખેંચવાને કાઇ આપી શકતા નથી. એતો ચોકસ છે કે મોડે યા વહેલે શ્રીમંતો કે જેઓ હાલ નેટીવ ટાઉનમાં રહેછે તેઓ મુંબઇનો દાખલો લઈ યુરોપીઅન રૂધી મુજબ કંપાઊન્ડ સહીતના રહેવાને મકકમ ઠેડાવ કરશે. એમ પણ વળી ચોકસ છે કે મુસલમાન જમીનદારોની કેળવણી આગળ વધતી હોવાથી તેઓ સુધરેલા શહેરમાં રહેવાને અને પોતાના છોકરાઓને કેળવણી માટે ત્યા લાવવાને વધું અને વધું જરૂરીઆત સમજશે. હું માનું છું કે સારી સ્થિતીનાં દેશીઓને કરાંચીમાં હાલના વીચાર મુજબ બાંધણા લાયક યોગ્ય જગ્યા મેળવવાને લગભગ હદ વીનાની માગણી દરેક ઠેકાણેથી ચાલુ છે. અને મારી ખાત્રી છે કે કુદરતી રીતે શેહરને આગળ વધતા અટકવાને જે નડતળો હાલ મોજુદ છે તે ખસેદવામાં આવે અને સ્પષ્ટતાનો ભવિષ્ય માટે

વીચાર કરી કાબુમાં રાખવામાં આવે તો કરાંચી કે જેનું પ્રતાપી ભવીષ્ય આજ લાંબો વખત થયો મેળવવાની ઊમેદ રાખે છે તે અમલમાં આણવાને ઘણોંક સંભવ રહે.

સદર બજાર કે જયાં ગોઆનીસ, મેહમન, અને મોટો ભાગ પારસીઓ રેહે છે તે સરવે બાજુએ કેનટોનમેન્ટથી ઘેરાયલું છે, મને શક છે કે ત્યાં બાંધણી માટે મુદલ જગ્યા ફાલતુ નથી. વસતીં હાલજ ઘણી ગીચો ગીચ છે અને છેટ વાસો કરવા શીવાય બીજો કોઈ પણ રસતો નથી. જમીનની કીમત ઘણી મોંઘી છે, થોડાજ વખત ઉપર એલફીનસ્તીન સ્ટ્રીટમાં એક જગયાનો ટુકડો રૂા ૪૦ ચોરસ વારે વેચાયો હતો. અને સારી સ્થીતીના માણસોને પણ વગર કંપાઉંન્ડના અથવા વગર વાડાનાં ઘરોમાં રહેવાની ફરજ પડે છે. આ વીભાગમાં શુમારે ૯,૦૦૦ લોકો વસેછે.

સીવીલ લાઇનમાં કે જ્યાં સઘળા શ્રીમંત ગોરાઓ રહે છે ત્યાં જગ્યાનું દબાણ શરૂ થયું છે. બંગલો મેળવવાને મુશકેલી પડે છે અને હર સાલ સીંધ કલબ અને હોટલોમાં રહેવાની અરજીઓ વીશેષ થતી જાય છે. છેલા એક દાયકામાં જીમખાનાનાં મેંબરોની સંખ્યા ૩૦ ટકા જેટલી વધી ગઇ છે અને કુલે સભા સદોની સંખ્યા બમણી કરતાં વધુ થઇ છે. કલીફટન રોડ ઉપર જે બંગલો બાંધવામાં આવે છે તેનો પાયો પાણીમાં નાખવામાં આવયો છે અને મ્યુનીસીપાલીટી જે જગયા ઘરઘણીઓને બાંધ કામ માટે આપવાની માંગણી કરી છે તે સઘળી ઉધાઇથી ધોવાઇ જાય છે. આ વિભાગને કેનટોનમેન્ટ તંદરૂસ્તીમાં અને સ્વભાવીક રીતે આગળ વધતા એક મુશકેલ નડતલ તરીકે થઇ પડયું છે, અને તેને વધવાનો રસ્તો દરીઆ તરફ સિવાય બીજો કોઈ નથી.

ફ્રીયર તાઉન કે જયાં સઘળા યુરોપીયન રેલવે ગારડો, પ્લેત લેઅર, ફાયરમેન વીગેરે રહે છે કે જેઓ સીવીલ લાઇનમાં વધુ ભાડું આપવાની દરકાર કરતા નથી, તેઓ માટેની જગ્યા પણ કેનટોનમેન્ટથી રેસ્ત કેમપ સુધી ધંકાઇ ગઇ છે. આવી રીતે શુમારે ૧૫૦ એકર જગ્યા કે જે રેલવેની પેલી પાર આવેલી સાથી સરસ જગ્યા છે તેને કબજે કરી લીધી છે. રેસટ કેમ્પ ૧૮૯૩ માં મીલીટરી ખાતાએ નહોતું રાખ્યું પણ ત્યાર પછી કરાંચી લશકરી છાવણી માટે ડેપો થઈ ત્યારથી પાછું લેવામાં આવ્યું છે.

હવે એક સાધારણ અકકલ ઉપરથી જણાશે કે નીચાનમાં આવેલી ભીનાસ વાળી જગયા તંદરૂસતી માટે કેટલી બીન અનુકુળ છે. જો કદાચ ઘર પોતે સરદીવાળુ અને ધાસ્તી ભરેલું ન હોય તો પણ હવા જે તેમાં પસાર થાય છે તે ભીનાસ થી ભરેલી અને કદાચ રોગીષ્ટ પણ હોય છે. આવી જગયાની હવા સુસ્ત અને બેચેની ભરેલી અને એક ઉતસાહી જીંદગી માટે તદન નુકશાન કારક થઇ પડે છે. લોકો કે જેઓ હાંફણ દમ તથા ફેફસાના દરદની ફરીઆદ કરે છે તેઓ આવી જગયાએ સલામતથી રહી શકતા નથી.

સીંધ અને પંજાબના સઘળા રહીશોથી કરાંચી તદન નાદરૂસ્ત શહેર તરીકે પ્રસીદ્ધ છે અને એવી પ્રસીધતા દરીઆની સપાટી ઉપર આવલા એક શહેર માટેજ ખરેખર અજાયબ છે. મેં પોતે ગવરમેંટ હાઉસના કંપાઉનડની દેવાળ ઉપર દરીયાનું પાણી અથડાતાં જોયું છે. આપણા કલેકટર પોતાના કંપાઉન્ડમાં બગીચો બનાવે તેની પહેલાં તે જમીનને ખચીત સુધારવાની જરૂર છે. દરેક જુડીશીયલ કમીશનરોએ "કુલેરમન્ટ" અથવા "હન હાઉસ" ના આગળના બગીચાને સુધારવાની સરવે આશા છોડી દીધી છે. કલીફટન રોડ ઉપર બંધાયલા નવા બંગલામાં જો ભરતીનાં પાણી ન આવતા હોય તો ત્યાંના રહીશોને ખચીત આભારી છે. મને કહેવામાં આવયું છે કે નેટીવ તાઉનમાં થોડા વખત ઉપર સેસપુલ હતા કે જે ભરતીનાં પાણીસાથ ઉભરાઇ આવતા હતા. લ્યારી, ખદા અને એવા ભાગોમાં જયાં મોટી વસ્તી છે તેઓ દરેક રેલ વખતે તેને આધારે પડી રહે છે.

છતાં આ સઘળાની બેહુદગી એ છે કે આપણીજ નજદીક તદન તંદરૂસ્ત શહેરની સંખયા પડેલી છે. મધ્ય વિભાગથી થોડે દુર જમીન શહેર કરતા ૨૦ થી ૩૦ ફૂટ ઊંચી છે. દરીયાની ભીનાશ હવા નથી લઇ આવી શકતી અને રૂતુ તેથી મુકાબલો કરતાં લગભગ પુષ્ટી કારક હોય છે. તમારામાંના દરેક જણ જેઓ સેવાનનાં નાકા ઉપર રયું હશે તેને આનો અનુભવ મેળવ્યો હશે. પણ કરાંચીની વસ્તી આવી ઉમદાં જગ્યા દરયાની તળેથીમાંજ રાખીને ખોદી બેસે તે માટે તેનેજ આભારી છે. મોટી વીસ્તાર વાળી જગ્યાને પરેડ ગ્રાંઉન્ડ તરીકે રોકી લેવામાં આવી છે તે ખરે ખર કરાંચી જેવા શહેર માટે ઘણીજ વધારે છે. હાલની સ્થીતી પ્રમાણે આ સઘળાની કીમત દાટેલી થાપણ તરીકે લાગે છે. નકશા તરફ નજર કરો અને જુઓ

કેકેનતોનમેન્ટ હદમાં વસ્તી દરેક ઠેકાણે કેટલી દણાણુમાં છે અને યાદ રાખજો કે જ્યારે એક બાજુની જગયાના. રૂ. ૪૦ ચોરસ વારના મલેછે ત્યારે બીજી બાજુએ કાંઈપણ વળતું નથી અને આ કહેવાતી પેરેડ ગ્રાઉન્ડો ઉઘરતાં શેહેરને દેખાઇતી રીતે આડી આવે છે એટલુંજ નહી પણ સ્પષ્ટ રીતે નડતર સમાન છે. જે જમીનનો આ પણે ઉપયોગ કરી શકયે તેની ઉપર આપણને મુહલ છુટ આપવામાં આવતી નથી. જુઓ બંદર રોડ—આપણો મુખ્ય દેખાવ—જયારે તે કેનતોનમેન્ટ હદ ઉપર આવે છે ત્યારે કેવો એકાએક ફેરફાર થાય છે. કેનતોનમેન્ટની પુરવે સઘળી જમીન મ્યુનીસીપાલ હદમાં આવેલી છે. પણ ત્યાં પહોંચવાને આપણને સોલજર બજાર પસાર કરવું પડે છે છતાં આ જમીન રૂા, ૧) ચોરસવારે વેચાય છે કે જે કીમત ૧૫ વરસ ઉપર સીવીલ લાઇનમાં વેચાતી જગયા કરતાં ઘણી કમતી છે. કેનટોનમેન્ટની વાવ્ય દીશા અને લ્યારીની વચ્ચે એક ૫૦૦ વાર જેટલો ટુકડો આવેલો છે અને આ સાંકડી જગયા વાટે કેનતોનમેન્ટમાંથી શેહરમાં જવાનો ફકત એજ રસ્તો છે. જરા નકશા તરફ વધું નજર કરશો તો તમને માનવાને ખાતરી થશે કે હાલની સ્થિતી સુધારવાને ખાસ અગત્ય છે.

અને ભવીશ્યમાં શું થાશે ? શ્રીમંત હીંદુ અને મુસલમાનો ખાતરીથી કોઇ બીજી જગયાએ જાથુકનો વાસો કરશે. કલીફ્તનની જગયા ફક્ત થોડાજ સંસ્થાન માટે સગવડ ભરેલી છે કે જે જગયાં ભીનાશ અને શેહેરથી એકાંતમાં આવેલી છે. ગારડન વીભાગ પણ તેજ માફક લગભગ અગમ્ય છે, શ્રીમંત લોકો ખચીત બગીચો ખરીદી ત્યાં બગલા બાંધી પાણી તથા પોતાના સુખ સગવડનો બંદોબસ્ત કરશે પણ તેમ થતાં ઘણીવાર પુશકળ જોખમ ભરેલું છે કારણ કે કોઈ પણ હાલ જાણતુ નથી કે ભવીષ્યમાં આ વીભાગનું શું થાશે. જરાપણ અટકાવ શીવાય સુધારો તો આગળ વધશેજ—ભેગા મળેલા શ્રીમંતો બહુજ આકરષક પાડોશીઓ પછી ગમે તેવા હોય તેઓ તરફ જવાનું પસંદ કરશે અને હાલે સઉથી સુંદર બંગલા અને મોટા કંપાઉન્ડો સીવીલ લાઇનમાં મળી શકે છે. તેવોમાં વાસો કરશે. નીતીનો વીચાર કરતાં નિશ્ચય માલુમ પડે છે કે જો બીજો કોઇ ઉપાય ન જડશે તો જેમ મલબાર હીલમાં પગ પેસારો કીધો છે તેમ પારસી અને શ્રીમંત હીંદુ તથા મુસલમાનોને રફતે રફતે યુરોપીયનોના કવોરટરમાં પેસવાની ફરજ પડશે, પણ વધુ આ પણ દેખાઇતું છે કે તેઓ પોતાની કોમની પાડોશમાંજ રહેવાનું પસંદ કરતા હોવાથી આ દેશવટો થવો જરા કઠંણ છે. એક કોમના સભાસદોએ વીખરાઇ જવું

એ દંત કથા ઉપરથી કોમના લાભને નુકશાન કારક હોવાથી હાલ આ દંત કથા જારી રાખવાનો વીચાર જણાય છે. પણ જયારે દેશવટો શરૂ થશે ત્યારે યુરોપીયનોને મી. એદલજી દીનશાહ ને કાકલુદી કરવી પડશે કે કલીફ્ટન ઉપર ભીનાશ વાળી જગ્યાએ ઉંચા પાયા ઉપર વધું બગંલાઓ બાંધે કે જેથી વસંત રૂતુના મોજાઓથી તેઓના પગ શરદ વાળા ન થાય. હુ આશા રાખુછું કે જયારે હમારી માંગણીનો વખત આવશે તયારે મી. એદલજી દીનશાહ દયા અને ઉદારતા દેખાડશે

જો બીજા હાથ ઉપર સરવે કોમ પોતાને જુને મથકેજ ભેગા રહેવાને પસંદ કરેતો શેહર વધું અને વધુ ગીચ અને બીન તનરૂસ્ત થતું જશે. શહેરના દરેક ભાગ માં ભાડુ વધવુંજ જોઈએ અને સરવે લોકોને ખુલ્લાં ઘરના ઓરડાઓ મેળવવા માટે પોતાની આવકમાંથી હીસ્સો આપવાની ફરજ પડતી જશે. આપણને આખા હીંદુસતાનમાં સઉથી કદરૂપું, સઉથી ખરાબ સ્થીતીએ આવેલું અને તદન બીનરૂપી ઉપર બાંધેલું શહેર મળયું છે અને તે વધું ગીચ અને બીન તનદુરસ્ત થાય તે પહેલાં સલામ કરીએ છીએ.

કદાચ એમ પુછવામાં આવશે કે વસ્તી વધશે તેની શું સાબેતી છે? ૧૮૭૨ને ૧૯૦૧ વચ્ચે બમણી કરતાં વધારે થઈ હતી. ૧૮૯૬ પછી મરકીનો ઉપ દ્રવ થવાથી વસ્તીનો વધારો થતો અટકયોં હતો પણ ખરૂં જોતા યુરોપીયન વસ્તી કે જેને મરકી અસર નથી કરતી, તે જડપથી વધે છે કે જે સીંધ અને પંજાબના નહેર ખાતામા કરાંચી ઉપર કેટલી અસર કરે છે તેથી સાબેત કરી આપે છે. શહેર, બંદરરોડ, અને સદર બજારની જગ્યાની કીમતો જે ઉપજે છે તે નીશ્ચય દેખાડી આપે છે કે બીલડીંગો બાંધવા માટે જગયાની ચાલુ દબાણ છે. વેપાર જરા પણ શક વીના આગળ વધે છે. અને તેના વધારાથી વસ્તીનો વધારો થઈ શકે છે. કરાંચી અંતે હુનર મંદીમાં ખીલવા માંડયું છે એવી નીશાનીઓ પ્રગટ થાય છે. અને જો એક વખતે આપણે કારખાનાઓ બાંધવા શરૂ કરશું તો શહેર કેટલું વધી જશે તેની અગમચેતી મુદ્દલ થઇ શકે તેમ નથી. જેવી મરકી પોતાનું જોર કમતી કરશે તેવીજ કરાંચીની વસ્તી ઝડપથી આગળ વધશે એ દરેક માણુસનાં વીચાર પ્રમાણે ચોકસ છે. અને હવે તે વખત છે કે જયારે આપણે આ વસ્તીની સગવડ માટે ચતુરાઇથી બંદોબસત કરવો જોઇએ. જેમ છે તેમ ચાલેને રહેવા દેશો અને જયારે તે ઝડપથી ભેગી થશે તયારે તે બદીનો સુધારો કરવાને

લગભગ અશક્ત થઇ પડશે. હાલે સરકાર, મ્યુનીસીપાલીટી, અને મીલીટરી સ્વતંત્ર રીતે કામ કરેછે પણ જયાં સુધી આપને જોઇ શકીએ છીએ ત્યાં સુધી તેઓ ભવીષયનો ઘણો થોડોજ વીચાર કરે છે. શેહરનો વીસ્તાર ચોક્કસ હદ સુધી રાખવો અને તે કદીપણ વધારવો નહી એમ વીચાર કરવો જોઇએ છે. અને ત્યાં સુધી કોઇપણ જગયા બાકી ન હશે કે જયાં સુધારો કરતા બહુજ ગંભીર તકલીફ ખમવી પડી હોય. એક વખત શાહેર બંધાયા પછી સુધરેલી રૂઢી પ્રમાણે રસ્તા પોહલા કરવા અને ખુલી જગયા રાખવા ખરચ બહુજ ભારી પડશે શરૂઆતમાંજ જો કાબુ રાખવામાં આવશે તો આપણે વગર ખરચે એક નમુનેદાર શાહેર મેળવી શકશું. હુ જાતે માનુંછુ કે જો વાજબી પગલાં લેવામાં આવે તો આપણે આખા હીંદુસ્તાનમાં કરાંચી તદરૂસ્તમાં તદરૂસ્ત કારક, સઉથી ઉત્તમ બાંધણીનું અને ખુબસુરત શાહેર મેળવી શકીએ છીએ, પણ આપણને હમણા અને તરતજ આપણા રસ્તાઓ પોહલા કરવા જોઇએ. અને તે ઉપર બાંધ કામ ન કરવામાં આવે તેની તપાસ રાખવી જોઇએ. આપણા કારખાનાઓ કયાં બંધાવવામાં આવનાર છે? આપણી બજારો કેમ વધારવી જોઇએ? હરેક વરગની વસતીની કયાં સગવડ કરવી જોઇએ? તે સઘળાનો ઠેરાવ કરવો જોઇએ, અને આપણને ખાતરી કરવી જોઇએ કે સગવડ ભરેલી જગયા સારા રસતાઓથી ખેંચાણ કારક અને દીલસોજ ભરેલી લાગે છે કે નહીં.

મારી તદબીર ટુંકમા નીચે મુજબ છેઃ—

આરતીલેરી પરેડની જમીન, દેશી લશકરની આખી લાઇન, અને બંદર રોડની ઉપરે આવેલો સઘળો વીસતાર શહેરના વપરાશ માટે ખુલો મુકવો જોઇએ. રીવર રોડને નવી જેલ નજદીક બનયા કરોસીંગ સુધી લંબાવવો જોઇએ, રસતો સુંદર અને પોહલો હોવો જોઇએ જેવો કે જાફર ફદુ ડીસપેનસરી નજદીક એક ટુકડો છે. આ રસતાનાં આગળા ભાગને ૪૦૦૦ ચોરસ વારે વહેંચી નાખી શ્રીમત શેઠયાઓને બંગલા બાંધવાના ઉપયોગમાં વેચાતા આપવા. ખરૂ જોતાં આ રીવર રોડ કરાંચીની મલબાર હીલ થશે. બંદર રોડ ને મંગાપીરની સડક મળે છે ત્યાં સુધી લંબાવવો જોઇએ, કે જયાંથી રીવર રોડ સાથ જોડાણ કરવું જોઇએ અને ટ્રામને પણ અલબતાં તે મુજબ લંબાવી જોઇએ. લોરેનસ રોડને પણ વધુ પોહલો કરી ઉપલેજ મથક સુધી લંબાવવો જોઇએ, અને ટ્રામ પણ સડક સાથે ત્યાં જશે. ત્રણે સડકની મેળાપ થતી જગયાએ એક મોટી

ઉઘાડી જગયા ઉઘાડેલાં ઝાડ, અને બેડકો સાથે રાખવી જોઇએ કે જયાં શહેરના લોકો સાંજને વખતે ફરવા માટે ઉપયોગમાં લે. બંદર અને રીવર રોડની વચેના વાસતાર બાધકાંમ અને સડક માટે રાખવો જોઇએ. હું અટકળ બાંધુ છુ કે આગલી જગ્યાના માંગણી વીશેષ થાશે લ્યારીની નજદીકની જમીન શહેર કરતાં ૨૦થી ૪૦ ફીટ ઉંચે છે અને આબો હવા ઘણી સુકકી અને સુખાકારી છે. અપર સીંધ અને પજાબ માં ઉનાળાની મોસમમાં જે ભયભીત ગરમ રૂતુ ચાલે છે તે માટે સહુરાગટ વગર. કહી શકાય કે કરાંચીમાં સુખાકારી જગયાએ સગવડથી બાંધેલા બંગલાની હદ વીના ની માગણી થવી જોઇએ. હું એમ અનુકુળ કરૂંછુ કે ટુક વખતમાં એકાદ બે શ્રીમંત કોમ ભેગીમળી તેમાંનાં પૈસાદાર ગ્રહુસ્થો આગલી જગ્યા ખરીદ કરશે, અને મધ્યમ સ્થિતીનાં નજદીકમાંજ પાછળની જગ્યા લેશે. તેઓ ઘણુ કરી વચલા ભાગમાં નાતની સભા, લગન વગેરે અવસર માટે એક બીલડીંગ બાંધશે. શ્રીમંતો શહેરમાં રીવર રોડને મારગે હંકારી જશે જયારે ગરીબો ટ્રામમાં અથવા પગે જાશે. આવા સુંદર ખુલા અને પહોલા રસતાઓ ઉપર અને સાથે (ફૂટ પાથ) પગવાટ ઉપરથી ચાલી જવાને જરાપણ અડચણ નહી પડશે. રમતના મેદાનમાં મંદીર અને મસજીદો માટે જગયાઓ રીઝરવ રાખવામાં આવશે, હું અનુમાન કરૂં છું કે શહેરનો ભાગ રફતે રફતે વેલાતના શહેરને મળતો થશે અને એક અસલ વેપારી મથક લેખાશે. જો વસતીનો વધારો થાય તો લ્યારીની આસપાસ પુલ બાંધવો જોઈએ અને ત્યાં નવું બાહર કોટ બાંધવું.

સદર બજારને ડીપો અને નેટીવ ઇનફનતરી લાઇન સુધી લંબાવવો, હુ અનુકુળ કરૂં છે કે દુકાનની માંગણી વિશેષ થાશે અને તેથી વાઇતવે લેડલો ના દાખલા મુજબ યુરોપીયન કવોરટર આગલ દુકાનો લંબાવવી, કે સરકારી બગીચા તરફ, કે વીકટોરીયા રોડ તરફ તેનો નીવેડા કરવો જોઇશે. જયાં સુધી કોઈ જાતનો કાબુ નહી રાખવામાં આવશે ત્યાં સુધી દુકાન દારને પરચુટન વેપાર માટે ઘણી અગવડ ખમવી પડશે.

આરતી લેરી પરેડ ગ્રાઉન્ડનો દક્ષીણ ભાગ ૫૦૦૦ ચોરસવારને હીસાબે વહેંચી. કાપી યુરોપીઅનોના વપરાશ માટે લંબાવવો, કે જેથી ગવરમેન્ટ હાઉસ (સરકારી મહેલ) યોગય રીતે વચમાં ગણાશે.

ઉત્તર અને પશ્ચીમના ભાગો ૫૦૦થી ૩૦૦૦ ચોરસ વારને હીસાબે વહેચી નાખી મધ્ય સ્થિતીના યુરોપીયનો, પારસી અને જુદી જુદી કોમના દેશી ગ્રહસ્થો કે જેઓના ઘર હૈદરાબાદ તથા બીજે ઠેકાણે હોયછે અને જેઓ સુખાકારી જગય, પસંદ કરતા હોય તેઓને આપવી.

પોલીસ લાઇનનો મોટો વીસતાર રણછોડ લાઇન વધારવાને અર્પણ કરવામાં આવશે અને તે કારીગરો માટે સગવડ કરી આપવામાં આવશે.

હું બરેનસ ગારડનનો ભાગ ડી. જે. સીંધ કોલેજને આપી બાકીનો ભાગ બીલડીંગ માટે વેચી નાખુ તેની બદલીમાં આરતી લેરી પરેડ ગ્રાઉન્ડની પુર્વ બાજુએ હું એક નવો બગીચો ઉગાડી સદર વીભાગના વપરાશ માટે મેદાન બનાવું. બરનસ ગારડન કે જે હાલ જયાં છે તે શહેરની ઘણીજ થોડી વસતીની વચ્ચે આવેલો છે તેને એવે ઠેકાણે ખસેડવો જોઇયે કે તે તેનો વધુ વપરાશ થાય.

જો આ સુચના અમલ કરવામાં આવેતો જયાંસુધી વસતી પાછી બમણી થાય ત્યાં સુધી દરેક વરગને રહેવાને ઘણી જગયા મળી શકે. જુદી જુદી કોમને તેજ પાડોશીઓની ભેગા રહેવાનુ કાયમ રહે અને શ્રીમતો પોતાની કોમથી છુટા પડતા અટકે. શહેર વધુ ઘમટદાર બનશે અને નવા લતાઓ કે જેની ઊપર જો પુરતી દેખરેખ રાખવામાં આવશે તો એક સુદરતા વાલી જગયા થાશે.

પણ મને ચેતાવવામાં આવયું છે કે આપણે મીલીટરીને કેનટોનમેન્ટનો કોઇપણ ભાગ છોડી દેવાને કદીપણ સમજાવી ન શકશું. આ હું માની શકતો નથી કોઇપણ એક તરફી શખસને, આ બાબદ ઉપરજેટલો મેં વીચાર કીધો છે એટલે. કરવા દો અને તેની ખાતરી થાશે કે મોડે વહેલે કેનતોનમેટનો મોટો ભાગ પ્રજાના ઊપયોગ અને શહેરના ફાયદા માટે આપી દેવાની ખાસ જરૂર પડશે. આ[illegible]જ દેખાઇતું છે કે ૩૦૦૦૦ જીવ આખા નેગીવ ટાઉનમાં ગીચોગીચમાં વસે છે જયારે ૨૦૦ આરતીલેરીનાં માણસો એક માઇલ વીસ્તારમાં એક એકર જમીનનો ટુકડો વાપરે છે. શું આ વાજબી છે કે ૨૦૦૦ ગોરી અને કાળી રીજમીટના માણસો શહેરના રહીસો માટે વપડાતી જગયા કરતા વધું કબજે કરી શકે અને શહેરને

આગળ વધતાં અટકાવી શકે? અને આ મોટી અને વધતી જતી વસ્તીને ખાડી, ખબોચીયા અને દળદળ વાળી જગયા તરફ વધારો કરવા દે? અથવા તો છેટેના શહેર માં લાંબે અને સખત રસ્તે લઇજઇ શકે? હું ચોકસ છુ કે હાલની સ્થીતીના ગેરવાજબી પણા માટે જો કોઇપણ મીલીટરી માણસ પ્રમાણીક પણે વીચાર કરશે તો જેટલો સીવીલીઅનને તેનો અનુભવ છે તેટલો કોઇપણ મીલીટરી માણસને પણ થાશે. હું સારી રીતે સમજુછું કે બરાક માટે અને લશકર કવાયત માટે પૂરતી અને સુખાકારી જગ્યાની જરૂર છે, વધું પણ હું જાણું છું કે બરાક શહેરથી ઘણે છેટે આવેલી હોવી જોઇએ પણ મારી ગણત્રી પ્રમાણે ગોરી રીજમીંટને જરાપણ ખસવું પડશે નહી, અને હું મજબુતાઇથી કહું છુ કે આરતીલેરી અને દેશી લશકર માટે શહેરની પૂરવે યોગય જગા મલી શકશે. એમ માનવામાં આવે છે કે જયારે બાબદ કોલ કરાર ઉપર આવે તયારે મીલીટરી વેપારને છાજે તેવું સારુ કરવાને ઇચ્છા દેખાડશે, પણ એમ વીચારવાનું કારણ મુદલ નથી કે તેઓ જાણી જોઇને કરાંચીના સુધારા માટે વગર કારણે આડ કતરે રસ્તે ઉતરશે. હાલ આપણી પાસે આરતીલેરી, દેશી લશકર, અને ખચ્ચર ખાતામાટે પુરતી જગયા લાંબા વીસતાર સાથ છે પણ આ વીસ્તાર રોજ ઘેરાતો જાય છે અને જો વિષય તરત હાથ ધરવામાં નહીં આવશે તો પછી પુષ્કળ તકલીફ અને ખરચાલુ થઇ પડશે. સુચના ગણી મોટી છે અને તેને તપસીલવાર ગણવાને ઘણી મહેન પડશે, કેનતોનમેન્ટની હદ બદલી કરવાના બંદોબસ્ત માટે સખત તકલીફ વેઠવી પડશે. અને ઘણુ કરીને નીવેડો આણવા લેજીસલેશનની (કાયદે બન્દી) જરૂર પડશે. એ સઘળું હું નામુકકર નથી જતો પણ હું ભરોસા પુરવક ખાત્રીથી કહુંછું કે તકલીફોનો નીવેડો કરવોજ જો ઇએ અને કરાંચીને કદાપી વેપાર માટે ઉતમ ગણવું હોય તો તે સઘળું પાર પાડીવુંજ જોઇએ. મારા જાતી વીચાર પ્રમાણે હું ખાત્રીથી કહું છું કે જો સઘળી પક્ષ ભેગ મળી આ કામ પાર પાડવાને ખરા અતંકરણથી બાહર પડે તો સંકટમાંથી પસાર થવાને કાંઇ પણ તકલીફ નથી.

મને એવું સુચવવામાં આવ્યું છે કે મીલીતરી સતાધીકારીઓ લશકરને ખસેડશે અને ખુલ્લી પડેલી જગ્યા સીવીલીઅનોને કેનટોનમેન્ટના કાયદા મુજબ બન્ ઉપરથી આપવામાં આપવામાં આવશે પણ હું કહુ છુ કે જમીનની ફેરબદલ નીચલા કારણો માટે રેવેન્યું ખાતાને થવી જોઇએ;—કેનતોનમેન્ટના કાયદા મુજબ

કેનટોનમેનટ સતાધીકારીઓ ફકત બે સરતે ઇજારો આપી શકે છે. એકતો "એ" ફોરમમાં અને બીજુ "બી" ફોરમમાં. "બી" ફોરમનું લખત એમ જણાવે છે કે કેનતોનમેનટ કમીટી વાજબી ધારે તે માડાં ઉપર મીલીતરી અમલદાર અથવા સીવીલ અમલદારને કોઇપણ વખતે ઘર ભાડે આપવાને સરકાર સરવે હક કાયમ રાખે છે, અને સરકાર જમીન તથા તેને લગતો કોઈ પણ ભાગ તેની ઉપર બંધાયલી ઈમારતના બદલામાં નાણા આંપી કોઇપણ વખતે કબજે કરવાનો હક રાખે છે. "એ ફોરમ "નું ખત ફકત બજારમાં આવેલી જગયા માટેજ આપવામાં આવે છે. એટલે કે "કેનટોનમેનટ હદમાં આવેલી કોઇ પણ જમીન કે જે વેપાર માટે અથવા દેશીઓના રહેઠાણ માટે અથવા કોઇપણ તેવા ઉપયોગ માટે જુદી રાખી હોય તે." આ ખત મુજબ લેનાર ધણી ઉપર કોઇ અમલદારનો હક રહેતો નથી પણ તે જગ્યા ઉપર બંધાયલી ઈમારતની અવેજમાં પૈસા આપી ઇમારત કબજે કરી શકાય છે. કદાચ એમ તકરાર ઉઠાવવામાં આવશે કે જગ્યા કબજે કરી લેવાને કેટલેક દરરજે ઘણોજ થોડો સંભવછે. પણ ખરી વાતતો એ છે કે જગ્યા કોઇ પણ વખતે કબજે થઇ શકેછેજ. અને અનિવાર્ય પરીણામએ થાયછે કે કેનતોનમેન્ટ સતાધીકારીઓ હેઠલ આવેલી જગ્યાનું મુળ જેટલું સીવીલ હદમાં આવેલી જગ્યા માટે ઉપજે છે તેટલું કદી પણ મલી શકતું નથી. તે ઉપરાંત કેનતોનમેન્ટ કમીતી પાસે નવા રસ્તાઓ, ગતર પાઇપ, પાણીના મોટા નળો વીગેરે બનાવવાને મુદલ નાણાં નથી. મીલીતરી સત્તા હેઠલ રહેલી જગ્યા માટે સરકારને આટલાં બધાંનાણાનું નુકશાન ખમવું પડેછે અને તેથી કોમનો વિશ્વાસ ઘટી જાયછે. કારણ ફેર બદલ થવાથી ભાવમાં નુકસાન થાયછે એટલુંજ નહીં પણ મીલકતની કીમત પણ તે મુજબ કમતી થઇ જાયછે. એટલે કે દોલતને હસ્તીમાં આવતી અને શહેરને આગળ વધતું અટકાવે છે.

ગ્રહસ્થો, કરાંચીને તાકીદે મદદની જરૂર છે તેનો બચાવ કરવો જોઇએછે. આપણ સઘળા ખરા અંતકરણથી તેના સરક્ષણ માટે ભેગા મળી કામ કરવું જોઇએ.

સમાપ્ત.

અંગત્યની જાહેર ખબર.

અમારા ગ્રાહક અને વેપારીઓ આગળ આ પ્રાઇસ લીસ્ટ રજુ કરતાં તેમનું અમારા **હારમોનીયમ, ઘડીયાલો, ગ્રામોફોન રેકરડસ નીડલસો** વગેરેના અતી ઘટાડેલા ભાવ તરફ ખાસ ધયાન ખેચવાની રજા લઇએ છીએ.

અમારી બધી ચીજો સઉથી ઓછામાં ઓછા બજાર ભાવે વેચાય છે. અને છેલા ત્રીસ વરસ થયાં તેમના સરસ બનાવટ ને લીધે ઘણી અજાયબ જેવી ને લોક પ્રીયતા તેમને મલેલી છે. જે લોકપ્રીયતા હજુ દર વરસે વધતી જાય છે. અને તેને લીધે કરાંચી કેમ્પમાં દુકાન ખુલી પડી છે જેથી કરીને અમારા ધાતુના સોનાના, રૂપાના, ઘડીઆલો. કલાકો, ટાઇમપીસો ફોલડીંગ હારમોનીયમો, ને લોઢાની તીજોરીઓ સીગલ અને ડબલ અને ફાયર પરુફ એ બધી ચીજોને લગતી રોજપરોજ વધતી જતી માગણીને પુરી પાડવાને માટે અમારી દુકાન ખોલવામા આવી છે.

તેઓની સરસ બનાવટની બધે ઠેકાણે પીછાણ કરવામાં આવી છે અને ઘણા આબરૂદાર ઠેકાણેથી અમને ઘણી સારી સરટીફીકેટ મલી છે.

અમે અમારો માલ વેલાતથી પાધરો મેલવીએ છીએ જેથી અમે તે માલ સસતો મેલવીએ છીએ અને બજારમાં બીજાઓ કરતાં વધારે સસતે ભાવે વેચીએ છીએ તે વીશે ખાતરી કરવી હોયતો મહેરબાની કરી બીજાઓના ભાવો સાથે સરખામણી કરી જોશો.

અમારા ઘડીઆળો વખત બતાવવાની ચોકસાઇમાં બનાવતમાં અને લાંબો વખત ટકાવ કરવાને બજારની અંદર કોઇબી બીજા ઘડીઆળો કરતાં સરસાઇ ભોગવે છે. તેઓ એક મહીનામાં એક મીનીટ વધ ઘટ નહી થાય એવી રીતે ચાલુ કરવામાં આવે છે.

હોશીઆર કારીગરોએ તપાસ કરયા પછી ઘડીઆલો મોકલવામાં આવે છે અમારો સઘળો માલ અતી મધયમ ભાવે વેચાય છે, બીજાથી જલદી વેચાણ થઇ શકે અને જેઓ ખાસ માંગે તેઓ તરફ નમુનાઓ મોકલી આપવામાં આવે છે.

હું સરવે લોકોનું ખાસ ધયાન ખેંચુ છું કે અમારાં ફોલડીંગ હારમોનીયમો અમો મીસ્તર કેસરીઅલ જે બનાવનાર તથા સોધી કાઢનાર છે તે અમારે માટે ખાસ બનાવે છે ને મોકલે છે હવા પવનમાં સઘળા ફેરફારોને માફક આવે અને હીંદુસ્તાનની હવાને ખાસ માફક આવે એવા બનાનવામાં આવે છે. હારમોનીયમ ખરીદ કરતી વખતે મહેરબાની કરીને તેની ઉપર અમારૂં નામ ધરાવનારૂં લેબલ જોઇને લેવું. સઘળા હારમોનીયમોને [illegible] રલેટડના સાંધા લગાડવામાં આવેલ છે. સારી પાલીસ ને બરોબર કારો તથા વેલનટ રંગ લગાડવામાં આવેલો છે, તેઓ મધુર અવાજમાં બીજાઓ કરતાં વધુ ચઢીઆતાં છે અને જન તે જોઇ જવાથી આ બધી હકીકતની પુરતી ખાતરી થશે.

વલભદાસ નાનજી.

વોચ મેકર, કરાંચી—[illegible]પ.

IMPORTANT NOTICE.

In presenting this price list to all my customers and dealers I beg to draw their particular attention to my greatly reduced prices of Harmoniums Watches, Clocks, Gramophons Records, Needles etc. All my articles are sold at lowest Market rates and their excellent quality has secured for them since 30 years a marvellous and undisturbed popularity which is still extending daily and has resulted in my shop at Karachi Camp, in order to meet the rapidly increasing for all sorts of my Metal Silver and Gold Watches, Clocks Time Pieces, Folding Harmoniums, Iron Safe single & double fire proof, Their excellency has been universally recognised and has acqured good many testimonials from respectable sources. As we get all our goods directly from Europe and America we get them cheaper and so we can affiord to sell them very cheaper than any one in the market. To be convinced of that please compare our rates with those put down by others. Our Watches challenge comparison for Accuracy in time keeping Style, Finish and Durabiliy with any other Watches in the market. They are adjusied and regulated to a minute a month. The Watches and clocks are all examined by skilled workmen before despatch. All our goods are moderately priced to ensure a speedy sale and of which samples are sent to those who specially ask.

I invite the particular attention of the public that our folding Harmoniums, are imported and manufactured specially for us in Paris, France by Mr. Kasriel the invantor and sole manufacturer of them. As they are made specially to our order they surpass all other make by the same manufacturer in workmanship, tone style and durability. Each key is adjusted and properly tuned by skilled European workmen before their despatch here. They are adjusted to all variation of temperature and adapted particularly for indian climate. While buying a Harmonium please see that you get the genuine articles bearing our name on the porcelin. All Harmoniums are made of real beach wood have electro plated fittings, polished black or walnut colour. They are far more superior in point of sweatness.

A personal visit will well repay and convince of all the facts.

Valabdas Nanji,


WATCH-MAKER, CAMP-KARACHI.

Established 1880.

COOLAMHUSAIN KALYAN.

Commission and Forwarding Agent.

Glassware, Enamelware, Crockery-ware, Lamp-ware, Dinner Sets Etc., Etc.



Camp, Karachi.

Stock Goods, Disc Gramophone and Disc Gramophone Records.

Sole Agents

FOR

"STAR" CYCLES.

Most durable in workmanship and quite cheap in price. The only reliable machine in the market. Looking to the excellency of the machine it can compete any other machines in price.

We stock cycle accessories and attend to repairs under our personal supervision. We give cycles on hire per hour day and month, on most favourable rates. Trial orders solicited.

H. S. ALLIBHOY & Co.,
Elphinstone Street, Camp, Karachi.